શા માટે સર્જકની ઈબાદતમાં મધ્યસ્થ અથવા ત્રીજાને અપનાવવાથી જહન્નમની આગમાં હંમેશા રહે છે?

માનવીના નિયમો પ્રમાણે આ જાણવામાં આવ્યું છે કે રાજા અથવા અધિકારીઓના આદેશોનું ઉલ્લંઘન અન્ય ગુનાહો સાથે સમાન ધોરણે નથી. તો, જે બધા રાજાઓનો રાજા છે તેના વિષે તમે શું વિચારો છો? તેના બંદાઓ પર અલ્લાહ સર્વશક્તિમાનનો હક તે છે તેઓ ફક્ત તેની જ ઈબાદત કરે જેમ કે નબી ﷺ એ કહ્યું: "અલ્લાહનો તેના બંદાઓ પર અધિકાર એ છે કે તેઓ ફક્ત તેની જ ઈબાદત કરે અને તેની સાથે કોઈને ભાગીદાર ન બનાવે... શું તમે જાણો છો કે અલ્લાહ પર બંદાઓનો હક શું છે? મેં કહ્યું: અલ્લાહ અને તેના પયગંબર વધુ સારી રીતે જાણે છે." નબી ﷺ એ કહ્યું: " જો તેઓ આમ કરે તો અલ્લાહ પર બંદાઓનો હક એ છે કે તે તેમને સજા ન આપે".

આપણા માટે કોઈને ભેટ આપવાની કલ્પના કરવા માટે તે પૂરતું છે અને તે વ્યક્તિ તે ભેટ માટે બીજા કોઈનો આભાર અને પ્રશંસા કરે છે. આ વાત ધ્યાનમાં રાખો કે અલ્લાહના સર્વોચ્ચ ગુણો છે, તેની સ્થિતિ પોતાના બંદાઓ સાથે એવી છે કે તેણે તેમને ઘણી નેઅમતો આપી છે, પરંતુ તેઓ તેના બદલમાં બીજાનો આભાર વ્યકત કરે છે, પરતું સર્જનહારને તેમની જરૂર નથી.

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ
Source: https://mawthuq.net/demo/qa/gu/show/8/
Arabic Source: https://mawthuq.net/demo/qa/ar/show/8/
Sunday 1st of November 2026 06:38:39 AM